તંત્રીશ્રીની કલમે

સાંસદો લોકસભાના અધ્યક્ષની ચૂંટણી માટે સંસદ પહોંચ્યા

ફિલ્મી દુનિયામાં પોતાની અભિનયની કૌશલ્ય સાબિત કરનાર કંગનાએ રાજકારણના ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો છે. દેશની ૧૮મી લોકસભા ચૂંટણીમાં કંગના રનૌત હિમાચલની મંડી લોકસભા સીટ પરથી ચૂંટણી લડી હતી અને જીતી મેળવી છે. બીજી તરફ, લાંબા સમયથી અભિનેતામાંથી રાજકારણી બનેલા ચિરાગ પાસવાન પણ હાજીપુર બેઠક પરથી ચૂંટણી લડીને જીત્યા છે. હવે આજે તમામ નવા ચૂંટાયેલા સાંસદો લોકસભાના અધ્યક્ષની ચૂંટણી માટે સંસદ પહોંચ્યા હતા, આ દરમિયાન ચિરાગ પાસવાન અને કંગના રનૌત પણ ત્યાં પહોંચ્યા હતા અને બંનેની અહીં મુલાકાત થઈ હતી, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સંસદમાં લોકસભાના અધ્યક્ષની ચૂંટણીમાં નવા ચૂંટાયેલા સાંસદો સંસદમાં પહોંચ્યા હતા. આ દરમિયાન ચિરાગ પાસવાન અને કંગના રનૌતની મુલાકાત થઈ હતી. પહેલા બંનેએ હાથ મિલાવ્યા. આ પછી બંને ગળે લગાડી વાતો કરતા આગળ વધ્યા. થોડુંક આગળ ગયા અને રોકાઈને પાછળ પણ જોયું. આ પછી બંનેએ કંઈક વાત કરી અને એકબીજાને તાળીઓ પાડીને સંસદની અંદર ગયા. આ ક્ષણ કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૧માં એક ફિલ્મ રિલીઝ થઈ હતી જેનું નામ હતું ‘મિલે ના મિલે હમ’. આ ફિલ્મમાં ચિરાગ પાસવાન લીડ રોલમાં હતો, જે તેની એકમાત્ર ફિલ્મ છે. આ ફિલ્મમાં કંગના રનૌતે અભિનેત્રી તરીકે કામ કર્યું હતું. ત્યાંથી આ બંને વચ્ચે મિત્રતા છે અને હવે સાંસદ બન્યા બાદ બંનેની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે.

૬ વર્ષથી હિટ ફિલ્મ માટે તરસતી દિશા પટાણીનું નસીબ ‘કલ્કિ’થી બદલાશે?

ભારતીય સિનેમાના ઈતિહાસમાં સૌથી વધુ બજેટ ધરાવતી ‘કલ્કિ ૨૮૯૮ એડી’ આ સપ્તાહે રિલીઝ થઈ રહી છે. લીડ સ્ટાર્સ પ્રભાસ અને દીપિકા ઉપરાંત ડાયરેક્ટર નાગ અશ્વિન માટે આ ફિલ્મ ખૂબ મહત્ત્વની છે. ‘સાલાર’ બાદ વધુ એક ફિલ્મ સફળ રહે તો પ્રભાસના સિતારા ફરી બુલંદી પર આવી શકે છે, જ્યારે ૨૦૨૩ની સૌથી વધુ હિટ એક્ટ્રેસ દીપિકા પાદુકોણનો જાદુ યથાવત રાખવામાં ‘કલ્કિ ૨૮૯૮ એડી’ મદદરૂપ બની શકે છે. પાછલા છ વર્ષથી હિટ માટે તરસી રહેલી દિશા પટાણી માટે આ ફિલ્મ ઘણી મહત્ત્વની છે. ૨૦૧૬ના વર્ષમાં એમએસ ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરીથી દિશાએ દરેકનું ધ્યાન ખેંચ્યું હતું. ૨૦૧૮માં ટાઈગર શ્રોફ સાથે ‘બાગી ૨’ના કારણે દિશાએ ટોચના સ્ટાર્સમાં સ્થાન મેળવી લીધું હતું. દિશાને ત્યારબાદ મોટાં બેનર અન સ્ટાર્સ સાથે ફિલ્મ કરવાની તક મળી હતી. છેલ્લા છ વર્ષમાં દિશાની છ બિગ બજેટ ફિલ્મો આવી છે, પરંતુ તેમાંથી એક પણ બોક્સઓફિસ પર કમાલ કરી શકી નથી. ‘બાગી ૨’ પછી દિશાએ ૨૦૨૦માં આદિત્ય રોય કપૂર સાથે ‘મલંગ’માં લીડ રોલ કર્યો હતો. આ એક્શન થ્રિલર ફિલ્મમાં દિશા-આદિત્યની કેમિસ્ટ્રી વખણાઈ હતી, પરંતુ બોક્સઓફિસ પર તેને માત્ર રૂ.૫૯.૦૪ કરોડનું કલેક્શન મળ્યું હતું. જોન અબ્રાહમ, તારા સુતરીયા અને અર્જુન કપૂર સાથે ‘એક વિલન રિટર્ન્સ’માં પણ દિશાનો મહત્ત્વનો રોલ હતો. આ ફિલ્મ ઓડિયન્સને ખાસ પસંદ આવી નહીં અને માત્ર રૂ.૪૧.૯૪ કરોડનું કલેક્શન મેળવી શકી. ૨૦૨૪માં સિદ્ધાર્થ મલહોત્રા સાથે ‘યોદ્ધા’માં દિશાનો લીડ રોલ હતો અને કરણ જોહરનું બેનર પણ હતું. જો કે આ ફિલ્મ માત્ર રૂ.૩૩ કરોડનું કલેક્શન મેળવી શકી. ‘બાગી ૨’ના છ વર્ષ સુધી દિશાની કોઈ ફિલ્મ બોક્સઓફિસ પર ટકી શકી નથી. સલમાન સાથે ‘ભારત’ અને ‘બાગી ૩’માં દિશાનો કેમિયો હતો, જ્યારે સલમાન સાથેની ‘રાધેઃ મોસ્ટ વોન્ટેડ ભાઈ’ ઝી ૫ રિલીઝ થઈ હતી. ‘કલ્કિ ૨૮૯૮ એડી’ના પ્રોડક્શનમાં જંગી ખર્ચ કરવામાં આવ્યો છે અને તે સાથે સ્ટાર કાસ્ટ પણ મોટી છે. ફિલ્મને હિટ બનાવવામાં મેકર્સે કોઈ કચાશ રાખી નથી, પરંતુ ખરો નિર્ણય ઓડિયન્સે કરવાનો છે.

‘મટકા કિંગ’ વિજય વર્માને સાથ આપશે કૃતિકા કામરા

વેબ સિરીઝની દુનિયામાં સ્ટાર જેવું સ્ટેટસ મેળવનારા વિજય વર્માનો આગામી પ્રોજેક્ટ ઘણાં દિવસથી ચર્ચામાં છે. દેશમાં જુગાર-સટ્ટાના નેટવર્કની શરૂઆત કરનારા ‘મટકા કિંગ’ના જીવન આધારિત સિરીઝમાં વિજયનો લીડ રોલ છે. તેમની સાથે ફીમેલ લીડ રોલમાં કૃતિકા કામરા ફાઈનલ થઈ છે. વિજય અને ટીમ સાથે કૃતિકાએ આ સિરીઝનું શૂટિંગ શરૂ કરી દીધું છે. કૃતિકાના કેટલાક સીન અગાઉ શૂટ થઈ ચૂક્યા છે અને તે જુલાઈથી સપ્ટેમ્બર સુધીમાં આખી સિરીઝનું શૂટિંગ આટોપી લેશે. કૃતિકાએ પોતાના રોલ અંગે જણાવ્યું હતું કે, ૭૦ અને ૮૦ના દસકા દરમિયાન મુંબઈમાં મટકાના વિકાસમાં મારા કેરેક્ટરનો મોટો ભાગ છે. સટ્ટા અને જુગારને મટકા તરીકે વિકસાવનારા સૂત્રધારનો રોલ વિજયે કર્યો છે. વિજય સાથે મુલાકાત બાદ હું પણ તેની સાથે જોડાઉં છું અને સમગ્ર ધંધાને નવી ઊંચાઈએ પહોંચાડુ છું. સિરીઝની કહાની ૬૦ના દસકાથી શરૂ થાય છે. મટકા કિંગ બનતા પહેલા વિજયના જીવનને તેમાં દર્શાવવામાં આવશે. વિજયે તેમાં મટકા કિંગ રતન ખત્રીનો રોલ કર્યો છે. પરંપરાગત જુગારને રતન ખત્રીએ મટા બજારમાં ફેરવી દીધો હતો. કૃતિકા કામરા જુલાઈથી સપ્ટેમ્બર સુધી આ સિરીઝનું શૂટિંગ કરશે. કૃતિકાએ તાજેતરમાં આવેલી સિરીઝ બમ્બઈ મેરી જાનમાં હબીબાનો રોલ કર્યો હતો. કૃતિકાએ અગાઉ ટીવી સિરિયલ કુછ તો લોગ કહેંગે, રિપોર્ટ્સ, ચંદ્રકાન્તામાં મહત્ત્વના રોલ કર્યા હતા. વિજય અને કૃતિકા પહેલી વાર આ સિરીઝમાં સાથે કામ કરી રહ્યા છે.

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
એન્જિનિયરિંગ કામ
ઈ -નિવિદા સૂચના સંખ્યા 05 વર્ષ 2024-25 તારીખ: 19.06.2024 ઈ-ટેન્ડર નંબર : DYCE-BR-ADI-06-2024-25 **કામનું નામ :** ભાવનગર ડિવિઝનઃ સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) ભાવનગર અને સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) જુનાગઢના કાર્યક્ષેત્ર હેઠળના વિવિધ પુલોનું નિરીક્ષણ પથ, જેકિંગ બીમની વ્યવસ્થા અને પેઇન્ટિંગ પ્રદાન કરવા. **અંદાજિત એનઆઈટી કિંમત:** ₹6,03,34,801.51/- **બિડ સુરક્ષા કિંમત / ઈએમડી :** ₹4,51,700,00/- **ઈ-ટેન્ડરની છેલ્લી તારીખ :** 16.07.2024 **સમય** 15:00 **ઓફિસ સરનામું :** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ) અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ કોમ્પ્લેક્સ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલની સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત 380016. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ :** www.ireps.gov.in 81
અમને લાઇક કરો: facebook.com/WesternRly

તિબેટનો પ્રશ્ન વિશ્વમંચ પર ઉઠાવે ભારત

અમેરિકન સાંસદોની એક ટીમ જે રીતે દલાઈ લામાને ધર્મશાળા આવીને મળી, તે એટલા માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ ટીમના સાંસદોમાં નેન્સી પેલોસી પણ હતી, જેમણે અમેરિકી સંસદમાં ‘રિસોલ્વ તિબેટ એક્ટ’નું વિધેયક મૂક્યું છે. તેમાં તિબેટ સમસ્યાના સમાધાન માટે ચીન પર દબાણ કરવાની ભલામણ છે. આ વિધેયક પર અમેરિકી રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થઈ જવાથી ચીન પર તિબેટીઓ સાથે વાતચીત કરવાનું દબાણ બનાવવાની અમેરિકાની ગંભીરતા દેખાશે. તેનો પ્રભાવ દુનિયાના અનેક દેશો પર પણ પડી શકશે. આ દેશોમાં સૌથી મહત્ત્વપૂર્ણ છે ભારત. ઉલ્લેખનીય માત્ર એટલું જ નથી કે ભારતે અમેરિકી સાંસદોની ટીમને ધર્મશાલા આવીને દલાઈ લામાની મુલાકાત લેવાની અનુમતિ આપી, પરંતુ આ ટીમની વડાપ્રધાન મોદીએ પણ મુલાકાત લીધી. ડોકલામ અને ગલવાન ઘાટી પર ભારત-ચીન તણાવના સંદર્ભે તેનો સંકેત સ્પષ્ટ છે. જો ભારત પણ કૂટનીતિમાં ચીનની જેમ યથાર્થવાદી પગલાં ભરે તો પરસ્પર સંબંધ સુધારની સંભાવના વધશે. માત્ર સદ્‌ઈચ્છા અને સાંકેતિક વાતોથી ભારતને આજ સુધી કશો લાભ થયો નથી. વસ્તુતઃ તિબેટ જ ભારત-ચીન સંબંધો વચ્ચેની કડી છે. તેની અવગણનાથી પરસ્પર વિશ્વાસ પેદા નહીં થાય.

અહીં યાદ કરી લઈએ કે બેજિંગમાં ૧૯૫૪માં થયેલ પંચશીલ સમજૂતી ભારત-તિબેટ પર જ હતી. આ સમજૂતીનું શીર્ષક જ છે - ‘ચીનના તિબેટ ક્ષેત્ર અને ભારત વચ્ચે વેપાર અને સંબંધ વિશે.’ છ અનુચ્છેદોની આ સંક્ષિપ્ત સમજૂતીમાં કુલ નવ વખત તિબેટનું નામ આવ્યું છે. તેમાંથી પાંચ અનુચ્છેદોમાં માત્ર એનું વર્ણન છે કે ભારત-તિબેટ સંબંધ પૂર્વવત ચાલતા રહેશે. ઐતિહાસિક દૃષ્ટિએ સો-પચાસ વર્ષ કશું જ નથી હોતાં. ૧૯૫૧ સુધી તિબેટ સ્વતંત્ર દેશ હતો. માર્ચ ૧૯૪૭માં દિલ્હીમાં ‘એશિયન રિલેશન્સ કોન્ફરન્સ’માં તિબેટ અને ચીન, બંનેએ સ્વતંત્ર દેશોની જેમ ભાગ લીધો હતો. ૧૯૧૪માં શિમલામાં ચીન, તિબેટ અને ભારતે પરસ્પર સીમાંકન સમજૂતી પણ કરી હતી. જો ચીન ૧૮૯૦ના દસ્તાવેજનો હવાલો આપીને ડોકલામને પોતાનું ગણાવે છે, તો ૧૯૧૪ના દસ્તાવેજ અનુસાર તિબેટ પણ સ્વતંત્ર દેશ છે. એવા તથ્ય ઉઠાવીને જ ભારત, ચીન અને તિબેટ, ત્રણેય વચ્ચે પહેલાંની જેમ પરસ્પરતાનો સંબંધ બનવાનો માર્ગ મળી શકે છે. એ ઠીક છે કે ૧૯૪૯માં ભારતથી ભૂલ થઈ, જ્યારે તેણે ચીની કમ્યુનિસ્ટોને તિબેટ હડપવા દીધું. તેની અવેજીમાં ચીને ભારત અને તિબેટને સંતુષ્ટ કરવા માટે પંચશીલનો ઉપાય કર્યો. તેનો સાર એ જ હતો કે તિબેટ અને ભારતના સાંસ્કૃતિક, વેપારી, સામાજિક સંબંધ પહેલાં જેવા જ ચાલતા રહેશે - કોઈ પાસપોર્ટ, વિઝા કે પરમિટ વગર. એ ઐતિહાસિક તથ્ય છે કે ભારત અને તિબેટ સંબંધે સદીઓથી ખુલ્લા અને પારસ્પરિક હતા, જેમાં ચીનનો કોઈ અવરોધ ન હતો. જ્યારે ચીની નેતા પંચશીલ સમજૂતીનો હવાલો આપેછે, તો ભારતીય નેતાઓને કહેવું જોઈએ કે તેના અનુચ્છેદ બે અને પાંચ અનુરૂપ તિબેટી અને ભારતીય તીર્થયાત્રીઓની બેરોકટોક યાત્રાઓ પુનસ્થાપિત કરવામાં આવે. વસ્તુતઃ ન્યાય અને વ્યાવહારિકતા, બંનેનો તકાદો છે કે પંચશીલ સમજૂતીના તમામ છ અનુચ્છેદ લાગુ કરવામાં આવે, નહિ તો તિબેટ અને તેની સહાયતા માટે ભારત સહિત દુનિયાના અન્ય ઉદાર દેશ એ જ રીતે સ્વતંત્ર છે, જેમ અન્ય દેશ કોઈ પીડિત દેશની મદદ માટે હોય છે. નિર્મલ વર્માએ તિબેટને ‘સંસારનું અંતિમ ઉપનિવેશ’ ગણાવ્યું હતું. ભારત અને તિબેટે પોતાની સહિયારી ચિંતાઓ અને સાંસ્કૃતિક જરૂરિયાતો પર બોલવાનો પૂરતો અધિકાર છે. આ જ આખા મામલાને ઉકેલવાનું સૂત્ર છે, પરંતુ મોટાભાગના નેતા અને બુદ્ધિજીવી ‘તિબેટ રિજન ઓફ ચાઇના’ની શબ્દાવલીમાં હંમેશાં ચાઇના પકડે છે અને તિબેટ ભૂલી જાય છે! વાસ્તવમાં એનાથી ઉલટું થવું જોઈએ. હંમેશાં તિબેટનું નામ લો અને ચીનને ટોકો. ભારતનું પડોશી પહેલાં તિબેટ છે. તેના પછી ચીન છે. પંચશીલ સમજૂતી થતાં કેટલાય પત્ર-પત્રિકાઓમાં સમાચારનું મથાળું તું - ભારત-તિબેટ સમજૂતી. તેના બે-ત્રણ દાયકા બાદ પણ દુનિયાભરના નક્શામાં તિબેટ અલગ દેશ જ રહ્યો. દુર્ભાગ્યે ભારતીય બુદ્ધિજીવી અને નેતા કેટલીય ગંભીર ચીજોનું નામ લે છે, પરંતુ તેના અર્થ પર ધ્યાન નથી આપતા, જ્યારે ચીન યથાર્થવાદી હોવાને કારણે તિબેટ અને ભારત બંનેના અધિકારથી વાકેફ છે. તેથી તે દલાઈ લામા પર સાવધાન રહે છે. તેમની સાથે દેશી-વિદેશી નેતાઓ મળે તેનો વિરોધ કરે છે, જ્યારે ભારત પોતાના કર્તવ્યથી ચૂકી જાય છે. એ વિચિત્ર છે કે જે તિબેટને લઈને ભારતની સમજૂતી બેજિંગ સાથે થઈ હતી, તે તિબેટની વાત ભારત જ નથી કરતું.

ચીન દ્વારા તિબેટ પર હુમલા બાદ સંપૂર્ણ વિશ્વએ પહેલાં ભારત તરફ જ જોયું હતું, કારણ કે એનાથી સર્વાધિક પ્રભાવિત થનારો દેશ ભારત હતો. ભારત દ્વારા ચીનનું સમર્થન કરતા રહેવાથી જ દુનિયા ચૂપ રહી. નહિ તો ત્યારે તો કમ્યુનિસ્ટ ચીન મહાશક્તિ તો શું, માન્યતા પ્રાપ્ત દેશ પણ ન હતો! સંયુક્ત રાષ્ટ્રમાં પણ ૧૯૭૧ સુધી ફોર્મોસા (તાઈવાન)ને માન્યતા હતી. અમેરિકાએ ૧૯૭૮ સુધી કમ્યુનિસ્ટ ચીન સાથે કૂટનીતિક સંબંધો સુદ્ધાં નહોતા બનાવ્યા. જો તિબેટ પર ભારત અવાજ ઉઠાવતું, તો ચીન મનમાની ન કરી શક્યું હોત. એ ભૂલ સુધારવી ભારતનું અનિવાર્ય કર્તવ્ય છે. એના પર ચૂપકિદી રાખવાથી ભારતનું નુક્સાન થાય છે. જો ભારતે સહજતાથી તિબેટનો મુદ્દો ઉઠાવ્યો હોત, તો ચીનને ભારત સાથે સદ્ભાવ બનાવવાની ચિંતા હોત. તિબેટની સ્થિતિ પણ સુધરતી. અત્યારે તિબેટ અસહાય લાગે છે, પરંતુ જો ભારતે તેને વિશ્વમંચ પર ઉઠાવી દીધું, તો એવું નહીં રહે. ચીની સત્તાએ પોતાના દેશમાં તાનાશાહીને ઓજાર બનાવ્યું છે.

હારનું મૂલ્યાંકન કરવાને બદલે ખુશ થતી કોંગ્રેસ

ગત દિવસોમાં રાહુલ ગાંધીએ વાયનાડ લોકસભા બેઠક પરથી રાજીનામું આપીને રાયબરેલીથી સાંસદ રહેવાનો નિર્ણય કર્યો. ઉત્તર પ્રદેશનાં ચૂંટણી પરિણામથી કોંગ્રેસમાં એ વિશ્વાસ પેદા થયો છે કે જો રાહુલ ગાંધીએ ત્યાં ધ્યાન આપ્યું તો આગામી લોકસભા ચૂંટણીમાં પાર્ટીની સ્થિતિ બહેતર થઈ શકે છે અને લોકસભામા અંકગણિત બદલાઈ શકે છે. શું આ ચૂંટણી પરિણામના આધાર પર માની શકાય કે ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર ભારતમાં કોંગ્રેસના દિવસો પાછા આવી શકે છે? જોકે ભાજપની સીટો ઘટી અને કોંગ્રેસ તથા કેટલાક વિપક્ષી દળોની વધી, તેથી તેમની અંદર આશા જાગી છે કે ફરીથી અમારું ઉત્થાન થઈ શકે છે, પરંતુ કોંગ્રેસ અને વિપક્ષના અન્ય પક્ષો એ ન ભૂલે કે કોંગ્રેસ ૧૯૯૧ બાદ માત્ર ૨૦૦૯માં જ ૨૦૦નો આંકડો પાર કરી શકી હતી. તેમાં ઉત્તર પ્રદેશથી પ્રાપ્ત ૨૧ સીટોનું મોટું યોગદાન હતું. કોંગ્રેસનું આ સંકટ આજનું નથી. ૧૯૮૯માં પણ તેને માત્ર ૧૯૭ લોકસભા બેઠકો પર જ વિજય મળ્યો હતો. ૧૯૯૧માં પણ ૨૩૨ સીટો ત્યારે મળી હતી, જ્યારે રાજીવ ગાંધીની હત્યાથી કોંગ્રેસને થોડી સહાનુભૂતિ મળી હતી. જો એવું ન થયું હોત તો તે ૨૦૦ના આંકડાથી નીચે રહી હોત. ૧૯૯૬માં તેને ૧૪૦, ૧૯૯૮માં ૧૪૧, ૧૯૯૯માં ૧૧૪ તથા ૨૦૦૪માં ૪૪, ૨૦૧૯માં ૫૨ અને ૨૦૨૪માં ૯૯ સીટો મળી. આ રીતે પાછલાં ૩૫ વર્ષમાં કોંગ્રેસે લોકસભામા માત્ર બે વખત ૨૦૦નો આકંડો પાર્ કર્યો. ૨૦૦૯માં ઉત્તર પ્રદેશમાં મુસલમાનોના એક મોટા વર્ગે સપાને છોડીને કોંગ્રેસ માટે મતદાન કર્યું અને એ કારણે તેની સીટો વધી.

૨૦૦૪માં મનમોહન સિંહના નેતૃત્વમાં યુપીએ સરકારની રચના એ કારણે થઈ, કારણ કે ભાજપને ૧૩૮ સીટો મળી અને તેના વિરોધી દળોએ કોંગ્રેસની આસ-પાસ મોરચો બનાવી લીધો. ૨૦૦૯માં લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વમાં ભાજપ એ રીતે પ્રખર રાજકીય પાર્ટી રૂપે ચૂંટણીમાં ન દેખાઈ, જેનાથી તેનો વ્યાપક સમર્થન વર્ગ ઊભો થઈ શકે. નરેન્દ્ર મોદીના આવતાં જ ૨૦૧૪માં આખી સ્થિતિ વાસ્તવિકતા પર આવી ગઈ. એક સમયે કોંગ્રેસ દેશની સૌથી મોટી પાર્ટી હતી. બાદમાં જનાધારના સ્તર પર કોંગ્રેસે વિચાર, વ્યવહાર અને વ્યક્તિત્વ એટલેકે નીતિ, રણનીતિ અને નેતાના સ્તરે એવું જનાકર્ષક પરિવર્તન ન કર્યું, જે ફરી ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ આમ ભારતીયને તેનો પ્રતિબદ્ધ સમર્થક બનાવી દે.

માનનીય નેશનલ કંપની લૉ ટ્રીબ્યુનલ,
અમદાવાદ બેન્ચ સમક્ષ
(સીપી(સીએએ)/૨૨(એએચએમ)૨૦૨૪ માં સીએ(સીએએ)/૦૩(એએચએમ) ૨૦૨૪
કંપની અધિનિયમ, ૨૦૧૩ની બાબતમાં
અને
કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમો ૨૩૦થી ૨૩૨ અને
અન્ય લાગુ નિયમોની બાબતમાં
અને
આર્કોયી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ(ટ્રાંસફરર કંપની) સાથે આર્કોયી ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા)પ્રાઈવેટ લિમિટેડ(ટ્રાંસફરી કંપની) અને તેમના માનનીય શેર ધારકો અને લેણદારો ને એકીકરણની યોજના ની બાબતમાં.

આર્કોયી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ
(CIN:U65910GJ1969PTC001637),
કંપની એક્ટ, ૧૯૫૬ હેઠળ સમાવિષ્ટ કંપની, જેની નોંધણી એટ્ ઓફિસ ૬૦૬, અભિજીત બિલ્ડીંગ, મીઠાખળી સિક્સ રોડ, અમદાવાદ,ગુજરાત -૩૮૦૦૦૧ખાતે છે.
....પીટીશનર ટ્રાંસફરર કંપની

આર્કોયી ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા)પ્રાઈવેટ લિમિટેડ
(CIN:U26941GJ1968PTC001520),
કંપની અધિનિયમ ૧૯૫૬ હેઠળ સમાવિષ્ટ કંપની, જેની નોંધાયેલ ઓફિસ ૬૦૬, અભિજીત બિલ્ડિંગ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ ,ગુજરાત -૩૮૦૦૦૧, ખાતે છે.
....પીટીશનર ટ્રાંસફરી કંપની

પીટીશનની નોટિસ

કંપની અધિનીયમ ૨૦૧૩ ની કલમ ૨૩૦ સાથે ૨૩૨ અને કંપની અધિનીયમ ૨૦૧૩ની અન્ય લાગુ જોગવાઈઓ હેઠળની અરજી આર્કોયી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને આર્કોયી ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ અને તેમના માનનીય શેરધારકો અનેલેણદારો વચ્ચે એકીકકરણની યોજનાને મંજુરી આપવા માટે અરજી કરતી કંપનીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી. અને ૨૦/૦૬/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલા આદેશ દ્વારા, આ અરજી ૧/૦૮/૨૦૨૪ ના રોજ માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની અમદાવાદ બેંચ સમક્ષ સુનાવણી માટે નિયત કરવામાં આવી છે.
ઉપરોક્ત અરજીને સમર્થન કે વિરોધ કરવા ઈચ્છતી કોઈપણ વ્યક્તિએ અરજદારના એડવોકેટને, તેના ઈરાદાની નોટિસ, તેના અથવા તેના વકીલ દ્વારા સહી કરેલી, તેના નામ અને સરનામા સાથે મોકલવાની રહેશે. જેથી અરજદારના એડવોકેટને અરજીની સુનાવણી માટે નક્કી કરેલ તારીખના બે દિવસ પહેલા પહોચી જાય. જે અરજીનો વિરોધ કરવા માંગે છે ત્યાં વિરોધનું કારણ અથવા તેના સોગંધનામાની નકલ નોટીસ સાથે આપવાની રહેશે.
પીટીશનની નકલ નીચે હ્સ્તાક્ષર કોઈપણ વ્યકિતને તેના માટે નિર્ધારિત શુલ્કની ચુકવણી પર તેની જરુર હોય ત્યારે આપવામાં આવશે.

સહી/-
શ્રીમતી ધર્મિષ્ઠા રાવલ
પીટીશનરના વકીલ
મેસર્સ રાવલ એન્ડ રાવલ એડવોકેટ
૬૦૨-૬૦૪ સિટી સેન્ટર૨-૨, હીર પાર્ટી પ્લોટ પછી, સિમ્સ હોસ્પિટલ, સાયન્સ સિટી રોડ, અમદાવાદ- ૩૮૦૦૫૯

સ્થળ : અમદાવાદ
તારીખ :૨-૭-૨૦૨૪

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

નં. MD/SBI/183/SBI(H)REGISTRATION/LP SURGICALS તા.27/06/2024

એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ

પશ્ચિમ રેલવે, ડિવિઝનલ હોસ્પિટલ, સાબરમતી, અમદાવાદ-380019 માટે તાત્કાલિક/રોજબરોજની છુટક આપૂર્તિ માટે સર્જીકલ આઈટમ્સના છુટક વિક્રેતાના રજીસ્ટ્રેશન/એમ્પેનલમેન્ટ માટે જાહેરનામું

ચીફ મેડિકલ સુપ્રિટેન્ડન્ટ, ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, સાબરમતી નીચે આપેલી શરતો મુજબ રોજ બરોજના ધોરણે ડિવિઝનલ હોસ્પિટલ, ન્યુ રેલવે કોલોની, સાબરમતી, અમદાવાદ ખાતે સર્જીકલ આઈટમ્સની આપૂર્તિ કરવા માટે છુટક વિક્રેતાઓને એમ્પેનલ/રજીસ્ટર કરવા ઈચ્છે છે :

1. વિક્રેતા પાસે માન્ય ડ્રગ લાયસન્સ / GST નં. / માન્યુફેક્ચર લાયસન્સ હોવું જોઈએ.
2. ટેન્ડરનું 2વર્ષ માટે અંદાજિત મૂલ્ય ₹ 19,48,060/- છે.
3. છેલ્લા પૂર્ણ થયેલા ત્રણ નાણાંકિય વર્ષ માટે વિક્રેતાનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર ટેન્ડર ખુલવાની તારીખ પહેલાં ₹ 29,22,090/- ને સમાંતર અથવા એના કરતાં વધારે (>=) હોવું જોઈએ.
4. વિક્રેતાએ છેલ્લા ત્રણ નાણાંકિય વર્ષમાંથી ઓછામાં ઓછા બે વર્ષમાં નફો દર્શાવેલો હોવો જોઈએ. CA દ્વારા પ્રમાણિત કરેલું જ પાકું સરવૈયું નફા-નુકશાન ખાતું આપવાનું રહેશે.
5. વિક્રેતાએ સર્જીકલ આઈટમ્સની આપૂર્તિ 24 કલાકમાં કરવાની રહેશે.
6. ઈમરજન્સીના મામલામાં તરત જ તાત્કાલિક આપૂર્તિની ખાતરી આપવાની રહેશે.
7. વિક્રેતાએ ડિલીવરી વિના મૂલ્યે કરવાનું રહેશે.
8. પ્રવર્તમાન સૂચનાઓ મુજબ, વિક્રેતાઓ પાસેથી ભાવ કોન્ટ્રાક્ટના વાર્ષિક અંદાજિત મૂલ્યના આધારે EMD/ સિક્યોરીટી ડિપોઝીટ લેવામાં આવશે.

જો ઈચ્છુક હોવ, તો તમારે તા.18/07/2024 ના 11.00 કલાકે અથવા એ પહેલાં જ https://www.ireps.gov.in પર માત્ર ઓનલાઈન માધ્યમ મારફતે તમારી બિડ રજૂ કરવાની રહેશે.

ચીફ મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ
ડિવિઝનલ રેલવે હોસ્પિટલ,
ન્યુ રેલવે કોલોની, સાબરમતી, અમદાવાદ-380 019.

ADI-093

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

---

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.
શાખા ઓફિસ : ચોથો માળ, ક્રિષ્ના કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧.
શાખા ઓફિસ : પહેલો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરીઅન આર્કેડ કોમ્પ્લેક્ષ, ઈનોક્ષ મલ્ટીપ્લેક્ષની પાસે, ઝડેશ્વર, ભરૂચ - ૩૯૨૦૦૧.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **“જેમ છે ત્યાં”, “જેમ છે તે પ્રમાણે”** અને **“જે છે તે”** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેણી રકમ	અનામત કિંમત / અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	રવિન્દ્રકુમાર પ્રવિણચંદ્ર ચાંદે (ઉધારકર્તા), હર્ષા રવિન્દ્ર ચાંદે (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. NHJGH00001266746	રહેણાંક ઘરના બાંધકામ સાથેની જમીનનો બ્લોક નં. ૧૫, સીટી સર્વે નં. ૧૯૩/એ, જે સ્થિત કડીયાવાડ, જૂનાગઢ, જૂનાગઢ મ્યુનિસીપલ કોર્પોરેશનની હદદમાં આવેલ.	રૂા. ૧૯,૧૦,૮૩૫/- ૨૪.૦૬.૨૦૨૪	રૂા. ૧૮,૧૫,૪૮૦/- ------ રૂા. ૧,૮૧,૫૫૦/-	૨૨.૦૭.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૦૮.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૨.	રમેશ દેવનાથ રાય (ઉધારકર્તા), નિલમ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRH00001325710	તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક જમીનનો પ્લોટ મોજે - દઢાલ, ભરૂચ, જમીનનો આર.એસ. નં. ૧૩૦, ડ્રીમ સીટી થી જાણીતું, પૈકી ૩૮૧ પ્લોટ, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - અંકલેશ્વર અને જીલ્લો - ભરૂચ, રાજય - ગુજરાત.	રૂા. ૧૦,૯૧,૭૩૩/- ૨૪.૦૬.૨૦૨૪	રૂા. ૯,૭૫,૬૦૦/- ------ રૂા. ૯૭,૫૬૦/-	૨૨.૦૭.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૯.૦૮.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૦૮.૦૮.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, ચોથો માળ, ક્રિષ્ના કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧, તા. ૦૮.૦૮.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, ચોથો માળ, ક્રિષ્ના કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧ ખાતે તા. ૦૮.૦૮.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **જૂનાગઢ, ભરૂચ** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ.

હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ
તારીખ : ૦૨.૦૭.૨૦૨૪, સ્થળ : જૂનાગઢ, ભરૂચ

શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ

SHRIRAM HOUSING FINANCE

રજીસ્ટર્ડ ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ - ૬૦૦ ૦૦૧.
હેડ ઓફિસ : લેવલ-૧, વોકહાર્ટ ટાવર્સ, ઈસ્ટ વિંગ, સી-૨, જી બ્લોક, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ૪૦૦ ૦૫૧
વેબસાઈટ :www.shriramhousing.in

સાંકેતિક કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ (એસએચએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.
દેવાદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ કાયદાના સેકશન ૮ અને કાયદાની પેટા કલમ ૧૩(૪)ની જોગવાઈઓ મુજબ **૨૯-૦૬-૨૦૨૪ ના રોજ** કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો સાંકેતિક કબ્જો મેળવી લીધો છે.
કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.
કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે. તે માટે કરજદારોને આમંત્રીત કરવામાં આવે છે.

દેવાદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ
૧.અતુલ અનિલ નાગમલ (દેવાદાર) રહેઠાણ : પ્લોટ નં.૯૦,રાધે રેસિડેન્સી, મોટા રોડ, હલધરૂ, કામરેજ, સુરત, ગુજરાત-૩૯૪૩૧૦. આપણ : અતુલ અનિલ નાગમલ સરનામું : ગોપાલ ફેબ્રિક્સ, ૬-૧૦ મારૂતી ઈન્ડસ્ટ્રિયલ, ગજ્જર કમ્પાઉન્ડ, કપોદરા, સુરત, ગુજરાત-૩૯૫૦૦૮ આપણ : અતુલ અનિલ નાગમલ મિલકત સરનામું ૧ : પ્લોટ નં.૯૦,રાધે રેસિડેન્સી, એપલ પૂલ વીલા સામે, મોટા હલધરૂ રોડ, હલધર ગામ, સબજી.કામરેજ, જી.સુરત-૩૯૪૩૧૦. ૨. નાગમલ કવિતા અનિલ (સહદેવાદાર) રહેઠાણ : પ્લોટ નં.૯૦,રાધે રેસિડેન્સી, મોટા રોડ, હલધરૂ, કામરેજ, સુરત, ગુજરાત-૩૯૪૩૧૦. આપણઃ નાગમલ કવિતા અનિલ મિલકત સરનામું ૧ : પ્લોટ નં.૯૦,રાધે રેસિડેન્સી, એપલ પૂલ વીલા સામે, મોટા હલધરૂ રોડ, હલધર ગામ, સબજી.કામરેજ, જી.સુરત-૩૯૪૩૧૦.	૦૬/૦૪/૨૦૨૪ના રોજ લોન ખાતા નંબર ના સંદર્ભમાં : SHLHSRAT0000700 ૧૦,૬૩,૮૦૭/- (રૂપિયા દસ લાખ, ત્રેસઠ હજાર, આઠસોને સાત પુરા) કરાર મુજબ આગળના વ્યાજ, ખર્ચા અને કોસ્ટ સાથે જણાવેલ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર ૧૩(૨) નોટીસ તારીખઃ ૧૩/૦૪/૨૦૨૪ સાંકેતિક કબ્જા તારીખ : ૨૯/૦૬/૨૦૨૪

ગીરો મિલકતનું વિવરણ

મોજે-હલધરૂની અંદર જમીનનો બિનખેતીલાક પ્લોટ, જે જમીન બેરિંગ આર.એસ.નં.૧૩૦ ખાતે આવેલ, જુના બ્લોક નં.૧૫૧, નવા બ્લોક નં.૧૬૩/બી માપણી ૧૦૩૧૪ સ્કે.મી., રાધે રેસિડેન્સી નામે જાણિતો પૈકી પ્લોટ નં.૯૦, માપણી ૭૫-૪૮ સ્કે.વાર કે.જે.પી. મુજબ બ્લોક નં.૧૬૩/બી/૯૦, માપણી ૬૩.૧૧ સ્કે.મી., જમીનમાં બિનવહેંચાયેલ ભાગ માપણી ૪૨.૪૩ સ્કે.મી., નોંધણી રજીસ્ટ્રાર અને સબજીલ્લો કામરેજ, જીલ્લો સુરત. મિલકતની સિમારેખાઓ : પૂર્વમાં સોસાયટીની હદ, પશ્ચિમમાં સોસાયટી આંતરિક રોડ, ઉત્તરમાં પ્લોટ નં.૮૯, દક્ષિણમાં પ્લોટ નં.૯૧

દેવાદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ
૧.સંતોષ કુમાર (દેવાદાર નં.૧) સરનામું : ફ્લેટ નં.એ-૨૧૩, હરિ ક્રિષ્ના રેસિડેન્સી, બંસી પાર્ક, બગુમારા, પલસાના, સુરત-૩૯૪૩૦૫ આપણ : સંતોષ કુમાર સરનામું : એસકે લોજિસ્ટીકસ, ફ્લેટ નં.એ-૨૧૩, હરિ ક્રિષ્ના રેસિડેન્સી, બંસી પાર્ક, બગુમારા, પલસાના, સુરત-૩૯૪૩૦૫ આપણ : સંતોષ કુમાર સરનામું : ફ્લેટ નં.૨૦૮, બીજો માળ, બિલ્ડિંગ નં.બી, હરિ ક્રિષ્ના રેસિડેન્સી, બંસીપાર્ક સોસાયટી, સાહિબા મીલ સામે, જોલવા પાટિયા પાસે, બગુમારા, કડોદરા, સુરત, ગુજરાત-૩૯૪૩૦૫ ૨. નૈનાકુમારી સંતોષ કુમાર (દેવાદાર નં.૨) સરનામું : ફ્લેટ નં.એ-૨૧૩, હરિ ક્રિષ્ના રેસિડેન્સી, બંસી પાર્ક, બગુમારા, પલસાના, સુરત-૩૯૪૩૦૫ આપણઃ નૈના કુમારી સંતોષ કુમાર સરનામું : ફ્લેટ નં.૨૦૮, બીજો માળ, બિલ્ડિંગ નં.બી, હરિ ક્રિષ્ના રેસિડેન્સી, બંસીપાર્ક સોસાયટી, સાહિબા મીલ સામે, જોલવા પાટિયા પાસે, બગુમારા, કડોદરા, સુરત, ગુજરાત-૩૯૪૩૦૫	૦૬/૦૪/૨૦૨૪ના રોજ લોન ખાતા નંબર ના સંદર્ભમાં : SHLHSRAT0001432 ૬,૮૪,૨૩૧/- (રૂપિયા છ લાખ, ચોરયાસી હજાર, બસ્સોને એકત્રીસ પુરા) કરાર મુજબ આગળના વ્યાજ, ખર્ચા અને કોસ્ટ સાથે જણાવેલ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર ૧૩(૨) નોટીસ તારીખઃ ૧૩/૦૪/૨૦૨૪ સાંકેતિક કબ્જા તારીખ : ૨૯/૦૬/૨૦૨૪

ગીરો મિલકતનું વિવરણ

ફ્લેટ નં.બી/૨૦૮ના તમામ નામો, હકો અને હિતો, બીજા માળ ઉપર, માપણી ૫૮૦ સ્કે.ફીટ સુપર બિલ્ટ અપ એરિયા અને ૩૧૯ સ્કે.ફીટ એટલેકે ૨૯.૬૫ સ્કે.મી. બિલ્ટ અપ એરિયા, હરેકૃષ્ણ રેસિડેન્સીની બિલ્ડિંગ નં.બીના જમીનમાંના બિન વહેંચાયેલા પ્રમાણસરના ભાગ સાથે, બાંધકામ પ્લોટ નં.૧૩ થી ૧૭ ઉપર, બંસી પાર્કની અંદર, જમીન બેરિંગ આર.એસ.નં.૭૧ ઉપર સ્થિત, ગામ બગુમારા ના બ્લોક નં.૯૧, તા.પલસાના, જી.સુરત.
મિલકતની સિમારેખાઓ : પૂર્વમાં એન્ટ્રી અને પેસેજ, પશ્ચિમમાં સોસાયટી દિવાલ, ઉત્તરમાં ફ્લેટ નં.૨૦૭, દક્ષિણમાં ફ્લેટ નં.૨૦૯

દેવાદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ
૧.સંજય સિંઘ રાજપુત (દેવાદાર નં.૧) સરનામું : ૨૭, શિવ રેસિડેન્સી, હલધરૂ રોડ, હલધરૂ, તા.પલસાના, સુરત, ગુજરાત-૩૯૪૩૧૦ આપણ : સંજય સિંઘ રાજપુત સરનામું : ૨૭, શિવ રેસિડેન્સી, હલધરૂ રોડ, હલધરૂ, તા.પલસાના, સુરત, ગુજરાત-૩૯૪૩૧૦ આપણ : સંજય સિંઘ રાજપુત સરનામું : પ્લોટ નં.૨૦, શિવ રેસિડેન્સી, સરજન હોમ્સ પાસે, હલધરૂ રોડ, હલધરૂ, તા.પલસાના, સુરત, ગુજરાત-૩૯૪૩૧૦ ૨. રાજપુત સમતિકર મંગલસિંઘ (દેવાદાર નં.૨) સરનામું : ૨૭, શિવ રેસિડેન્સી, હલધરૂ રોડ, હલધરૂ, તા.પલસાના, સુરત, ગુજરાત-૩૯૪૩૧૦ આપણઃ રાજપુત સમતિકર મંગલસિંઘ સરનામું : પ્લોટ નં.૨૦, શિવ રેસિડેન્સી, સરજન હોમ્સ પાસે, હલધરૂ રોડ, હલધરૂ, તા.પલસાના, સુરત, ગુજરાત -૩૯૪૩૧૦ ૩. રાજપુત મંગલસિંઘ બિજંદરસિંઘ (દેવદારા નં.૩) સરનામું : ૨૭, શિવ રેસિડેન્સી, હલધરૂ રોડ, હલધરૂ, તા.પલસાના, સુરત, ગુજરાત-૩૯૪૩૧૦ આપણ : રાજપુત મંગલસિંઘ બિજંદરસિંઘ સરનામું : પ્લોટ નં.૨૦, શિવ રેસિડેન્સી, સરજન હોમ્સ પાસે, હલધરૂ રોડ, હલધરૂ, તા.પલસાના, સુરત, ગુજરાત -૩૯૪૩૧૦	૦૬/૦૪/૨૦૨૪ ના રોજ લોન ખાતા નંબર ના સંદર્ભમાં : SHLHSRAT0001487 ૧૪,૮૮,૬૩૪/- (રૂપિયા ચૌદ લાખ, અઠયાસી હજાર, છસ્સોને ચોત્રીસ પુરા) કરાર મુજબ આગળના વ્યાજ, ખર્ચા અને કોસ્ટ સાથે જણાવેલ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર ૧૩(૨) નોટીસ તારીખઃ ૧૩/૦૪/૨૦૨૪ સાંકેતિક કબ્જા તારીખ : ૨૯/૦૬/૨૦૨૪

ગીરો મિલકતનું વિવરણ

સ્થાયી મિલકત બેરિંગ પ્લોટ નં.૨૦ના તમામ ભાગો અને પાર્સલો, માપણી ૪૦.૧૫ સ્કે.મી., બિનવહેંચાયેલ પ્રમાણસરના ભાગ સાથે ૨૯.૨૮ સ્કે.મી.રોડમાં અને સીઓપીમાં, શિન રેસિડેન્સીની અંદર, જમીન બેરિંગ આર.એસ.નં.૩૫૧/૨ ખાતે સ્થિત, બ્લોક નં.૪૨૦, ગામ હલધરૂ, તાલુકો કામરેજ, જીલ્લો સુરત. મિલકતની સિમારેખાઓ : પૂર્વમાં ૭.૫૦ મીટર સોસાયટી રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૧૭, ઉત્તરમાં પ્લોટ નં.૨૧, દક્ષિણમાં પ્લોટ નં.૧૯

સ્થળ : સુરત
તારીખ:૨૯-૦૬-૨૦૨૪

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લી.